# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

કેસ નં. ૫૦૪/૨૦૧૪-૧૫ ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /

તા. / ૦૮/૨૦૧૬

સુઓ મોટો કેસઃ-

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઃ-

(૧) ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી,
ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રીની કચેરી,
પ્રતાપનગર, વડોદરા જિ. વડોદરા

(૨) સ્ટેશન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,
રેલ્વે સ્ટેશન પ્રતાપનગર વડોદરા,

(3) સિવીલ એન્જીનીયરશ્રી,
ડીવીઝનલ રેલ્વે,
ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રીની કચેરી,
પ્રતાપનગર વડોદરા

વિષયઃ- વિકલાંગ ધારા-૧૯૯૫ની જોગવાઇ અનુસાર વિકલાંગો માટે બેરીયરફ્રી સુવિધા પુરી પાડવા બાબત.

વડોદરા રેલ્વે ડિવીઝન હસ્તકના રેલ્વે સ્ટેશનો પર વિકલાંગ ધારા (સમાન તકો, અધિકારોનુ રક્ષણ અને પુર્ણ ભાગીદારી)-૧૯૯૫ ની કલમ ૪૪ થી ૪૬ માં કરાયેલ જોગવાઇઓ મુજબ દિવ્યાંગ વ્યકિતઓ રેલ્વે સ્ટેશનો પર સરળતાથી પ્રવેશી શકે તે રીતે સુગ્મય સવલતો પૂરી પાડવા બાબતે આ કોર્ટ ધ્વારા તા.૨૫/૮/૨૦૧૪ ના રોજ

સુઓ મોટો કેસ નં. ૫૦૪/૨૦૧૪-૧૫ તરીકે દાખલ કરી ડિવીઝનલ મેનેજરશ્રી, વડોદરા સ્ટેશન, સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, વડોદરા રેલ્વે સ્ટેશન તથા સિવીલ એન્જીનીયરશ્રી, ડીવીઝનલ રેલ્વે સ્ટેશન, વડોદરાને પક્ષકાર બનાવી તા.૮/૯/૨૦૧૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી.

૨. તા.૮/૯/૨૦૧૪ ના રોજની સુનાવણી સમયે રેલ્વે ડિવીઝન તરફથી સબંધિત અધિકારીશ્રીઓ સિનીયર ડિવિઝન મેનેજર શ્રી પી.એ.બેનર્જી અને સિનિયર ડિવીઝનલ એન્જીનીયર (સી.ઓ.) શ્રી પ્રદીપ સહીયાર હાજર રહેલ. સુનાવણી દરમ્યાન તેઓએ જણાવેલ કે, વડોદરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧, ૬ અને ૭ ઉપર રેમ્પની સગવડ છે. પ્લેટફોર્મ નં. ૨,૩, ૪ અને ૫, લાંબા હોઇ તેમાં રેમ્પની સગવડ નથી. રેલ્વે સ્ટેશનો પર દિવ્યાંગો માટે લીફટની વ્યવસ્થા નથી. લીફટમાં કે રેલ્વે સ્ટેશન ઉપર પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઇલ પ્રતિકો અને શ્રાવ્ય સંકેતો ઉપલબ્ધ કરાયેલ નથી પ્લેટ ફોર્મ નં. ૧ ઉપર દિવ્યાંગો માટે ટોઇલેટની વ્યવસ્થા છે. વડોદરા સ્ટેશન ઉપર વ્હીલચેર અને સ્ટ્રેચરની સગવડ છે. આંણદ, નડિયાદ, ભરૂચ, અંકલેશ્વર અને ગોધરા જેવા મોટા સ્ટેશનો ઉપર દિવ્યાંગ વ્યકિતઓ માટે ટોઇલેટ અને રેમ્પ છે લીફટની વ્યવસ્થા નથી. સુનાવણી સમયે રેલ્વે ડિવીઝન ધ્વારા લેખિત સોંગદનામા કે વિકલાંગોને સવલતો અંગે કોઇ લેખિત પુરાવા રજુ કરેલ નથી. હાજર રહેલ અધિકારીશ્રીઓ ધ્વારા સ્ટેટસ રીપોર્ટ રજુ કરવા વધુ સમય આપવાની માંગણી કરવામાં આવતાં તે માન્ય રાખી સ્ટેટસ રીપોર્ટ રજૂ કરવા માટે તા.૧૫/૧૨/૨૦૧૪ની સુનાવણી રાખવામાં આવેલ. તા.૧૫/૧૨/૨૦૧૪ અને ત્યાર પછીની વખતો વખતની સુનાવણી દરમ્યાન રેલ્વે ડીવીઝનના કોઇ અધિકારીશ્રી હાજર રહેલ નથી કે, દિવ્યાંગો માટે બેરીયર ફ્રી વાતાવરણ ઉભું કરવા કરેલ કાર્યવાહીની વિગતો કે સ્ટેટસ રીપોર્ટ પણ મોકલી આપેલ આપવામાં આવેલ નથી.

૩. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના સશકત ભારત વિકલાંગ વ્યકિતઓના સશકતિકરણ વિભાગ ધ્વારા " સુગમ્ય ભારત અભિયાન" ની શરૂઆત કરવામાં આવેલ છે.

૪. ભારત વિકલાંગો વ્યકિતના અધિકાર ઉપર સંયુકત રાષ્ટ્ર કન્વેન્શન ઉપર હસ્તાક્ષરકર્તા દેશ છે. યુ.એન.સી.આર.પી.ડી.ના અનુચ્છેદ-૯ થી તમામ હસ્તાક્ષરકર્તા દેશોમાં, વિકલાંગ વ્યકિતઓ માટે અન્ય વ્યકિતઓની જેમ સમાન આધાર પર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભૌતિક વાતાવરણ, પરિવહન, સુચના તથા સંદેશા વ્યવહારના સાધનો પરત્વે સમુચિત ઉપાયો કરવાની જવાબદારી સોંપાયેલ છે. પ્રસ્તુત ઉપાયોમાં સુગ્મયતાના હેતુસર તમામ સ્કુલો,આવાસ, દવાખાના,કાર્યસ્થળે સહિત સરકારી ભવનો, સાર્વજનિક સ્થળોઓએ તથા જાહેર રસ્તાઓ, પરિવહન અને અન્ય આંતરિક તથા બ્રાહ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની બાબતોનો સમાવેશ થાય છે. ઇલેકટ્રોનિક સેવા, વેબસાઇટ તથા આકસ્મિક સેવાઓ સહિતની સેવાઓમાં સુગમ્યતા ઉભી કરવાનો સમાવેશ થાય છે.

૫. ભારતીય વિકલાંગ ધારો - ૧૯૯૫ની કલમ-૪૪ અન્વયે પરિવહનમાં બિનઅલિપ્તતા, કલમ–૪૫ માં રસ્તા પર બિનઅલિપ્તતા અને ૪૬માં બાંધકામ પર્યાવરણમાં બિન અલિપ્તતા અંગે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

૪૪. પરિવહનમાં અલિપ્તતાઃ-

પરિવહન ક્ષેત્રે કાર્યરત એકમો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને વ્યકિતઓના લાભાર્થે ખાસ પગલાં ભરાશે.

(એ) આવી વ્યકિતઓને સરળ પહોંચને અનુકુળ હોય એવી રીતે રેલ્વે કમ્પાર્ટમેન્ટ, બસો, વાહણો અને વિમાનો બનાવવા.

(બી) રેલ્વે કમ્પર્ટમેન્ટો,વાહણો, વિમાનો અને પ્રતિક્ષાલયોમાં એવી રીતે સંડાસો બનાવવાં વ્હીલચેર વાપરનારાઓ તેનો સુગમતાથી ઉપયોગ કરી શકે.

૪૫. રસ્તા પર બિનઅલિપ્તતાઃ-

જે તે સરકાર અને સ્થાનિક સત્તામંડળો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં  રહીને નીચેની સુવિધાઓ પૂરી પાડશે.

(એ) દ્રષ્ટિહિન વ્યકિતઓના લાભાર્થે જાહેર રસ્તા ઉપર લાલ બતીવાળા સ્થળોએ શ્રાવ્ય સંકેતો ઉભા કરાશે.

(બી) વ્હીલચેર વાપરનારાઓની સરળ પહોંચ માટે ફુટપાથ ઉપર ઢાળ અને ગતિ ઘટાડવા માટેના અવરોધો બનાવશે.

(સી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે ઝીબ્રા ક્રોસીંગની નિશાનીઓ ઉભી કરાશે.

(ડી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે રેલ્વે પ્લેટફોર્મની કિનારીએ કોતરણીવાળી નિશાની કરવી.

(ઇ) વિકલાંગતાના યથાયોગ્ય પ્રતિકો ઘડવા

(એફ) યથાયોગ્ય સ્થળોએ ચેતવણી સૂચક સંકેતો મૂકવા.

૪૬. બાંધકામ પર્યાવરણમાં બિનઅલિપ્તતાઃ-

(એ) જાહેર ઇમારતોમાં રેમ્પ (ઢાળ)

(બી) વ્હીલરચેર વાપરનારઓ માટે યોગ્ય પ્રકારના સંડાસો.

(સી) એલીવેટર કે લીફટમાં  બ્રેઇલ પ્રતિકો અને શ્રાવ્ય સંકેતો મૂકવા.

(ડી) દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય તબીબી સંભાળ તેમજ પુનવર્સન સંસ્થાઓમાં  રેમ્પ (ઢાળ)

૬. " સુગ્મય ભારત સશકત ભારત " અભિયાન અન્વયે ભારત સરકાર ધ્વારા રેલ્વે સ્ટેશનો ઉપર સુગમ્યતા ઉભી કરવા માટે A-1, A તથા B  શ્રેણીના રેલ્વે સ્ટેશનોને બેરીયર ફ્રી તરીકે પરિવર્તિત કરવા માટે જુલાઇ –૨૦૧૬ અને અન્ય શ્રેણીના  રેલ્વે સ્ટેશનોને બેરીયર ફ્રી તરીકે પરિવર્તિત કરવા માટે માર્ચ-૨૦૧૬ સુધીની સમય મર્યાદા નકકી કરવામાં આવેલ.

૭. ભારતીય વિકલાંગ ધારો- ૧૯૯૫ ની જોગવાઇ ક્રમાંકઃ ૪૪ થી ૪૬ માં  કરવામાં આવેલ જોગવાઇઓ અને સુગમ્ય ભારત અભિયાનની  ઉપરોકત માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ વડોદરા રેલ્વે સ્ટેશન અને વડોદરા રેલ્વે ડિવિઝન હસ્તકના તમામ રેલ્વે

સ્ટેશનોમાં નિધારીત સમય મર્યાદામાં દિવ્યાંગ વ્યકિતઓ સુગમતાથી અવરજવર કરી શકે તથા તેઓને તમામ સવલતો મળી રહે તે હેતુથી તમામ રેલ્વે સ્ટેશનોમાં રેમ્પ, રેલીંગ, વ્હીલચેરની સવલત, વ્હીલચેર વાપરનારાઓ માટે યોગ્ય પ્રકારના સંડાસોના બાંધકામ, દિવ્યાંગો માટે ખાસ પ્રકારની લીફટ બનાવવા તથા લીફીટમાં બ્રેઇલ પ્રતિકો / શ્રાવ્ય સંકેતો મુકવા, રેલ્વેના પ્લેટફોર્મની કિનારી ઉપર કોતરણીની નિશાની કરવી, દિવ્યાંગોને સરળતાથી ટિકીટની ઉપલબ્ધિ પ્લેટફોર્મ ઉપર દિવ્યાંગો માટે મુસાફર ખાનામાં બેઠક વ્યવસ્થા, વેઇટીંગ રૂમ અને કચેરીમાં તેઓ સરળતાથી પ્રવેશી શકે તેવી વ્યવસ્થા લાઇટ પંખા, જેવી સવલતોનો દિવ્યાંગો જાતે ઉપયોગ કરી શકે તથા કચેરીમાં સરળતાથી કાગળો વગેરે આપી શકે તે રીતે ફર્નિચર, લાઇટ પંખા વગેરેની સવલતો પુરી પાડવા, તેઓ ઓનલાઇન ટિકીટ મેળવી શકે તથા જરૂરી માહિતી જોઇ, વાંચી, મેળવી તેના આદાન –પ્રદાન કરી શકે તવી વેબસાઇટ સુગ્મય બને એવી તમામ કાર્યવાહી સત્વરે કરવા વિચારણા કરવા જણાવવામાં આવે છે. રેલ્વે ડીવિઝનને દિવ્યાંગો માટે સુગ્મય બનાવી શકાય તેવી કાર્યવાહી કરવા માટે નિયત એજન્સી મારફતે રેલ્વે સ્ટેશનોનું ઓડીટ કરાવવા જેવી કાર્યવાહી કરવા વિચારણા કરવા પણ હુકમ કરવામાં આવે છે.

પ્રસ્તુત હુકમ સાથે હું કેસનો નિકાલ કરું છું.

(સંજય નંદન)
કમિશનર

<u>નકલ રવાનાઃ-</u>

(૧) ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી, ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રીની કચેરી, પ્રતાપનગર વડોદરા , જિ. વડોદરા તરફ જાણ સારૂ.
(૨) સ્ટેશન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, રેલ્વે સ્ટેશન પ્રતાપનગર વડોદરા, તરફ જાણ સારૂ.
(૩) સિવીલ એન્જીનીયરશ્રી, ડીવીઝનલ રેલ્વે, ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રીની કચેરી પ્રતાપનગર વડોદરા તરફ જાણ સારૂ.